ઈ–મેઈલ દ્વારા

ક્રમાંકઃ ઉમબ/ઉમા–૮/૨૦૧૬/
કમિશ્નરશ્રી શાળાઓ ની કચેરી,
બ્લોક નં ૯ પહેલા માળ,
ગુ.રા.ગાંધીનગર
તા.૦૫/૦૫/૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ

વિષયઃ– બિનસરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં જયાં ઓવર સેટઅપ છે તેમાંથી વહીવટી કર્મચારીઓ તથા પટાવાળાને કામગીરી ફેરફારથી ખાલી જગ્યા વાળી અન્ય શાળામાં મૂકવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે આપના જિલ્લામાં શિક્ષણ વિભાગના તા.૧/૮/૧૧ના ઠરાવની જોગવાઈ મુજબ નિયત થયેલ વિધાર્થી સંખ્યાના આધારે કર્મચારીઓનું સંખ્યાબળ નકકી કરતા સરકારશ્રીના તા.૨૨/૨/૯૯ના ઠરાવ મુજબ ભરતી થયેલ કર્મચારીઓમાં વધારાના કર્મચારી તરીકે હાલમાં કોઈ પણ કામગીરી સિવાય જે વધારાના ફાજલ કર્મચારીઓ સરકારી પગાર ધોરણ મેળવે છે. આવા વહીવટી કર્મચારીઓ કલાર્ક તથા પટાવાળા કે જેઓ વધારાના મહેકમ ઉપર કામગીરી કરે છે. તેવા કર્મચારીઓને આપના જિલ્લાની અન્ય ગ્રાન્ટેડ શાળાઓમાં જયાં ખાલી જગ્યા છે ત્યાં કામગીરી ફેરફારથી મૂકવા અને સદર કાર્યવાહી સત્વરે પૂર્ણ કરી તેની જાણ અત્રેની કચેરીને કરવા જણાવવામાં આવે છે. સદર બાબતે ટોચ અગ્રતા આપવા સૂચના છે.

(માન.નિયામકશ્રીની સૂચનાનુસાર)

સંયુક્ત શિક્ષણ નિયામક,
૧૦+૨ ખાસ ઘટક,
ગુજરાતરાજય, ગાંધીનગર.

**નકલ સવિનય રવાના જાણ થવા વિનંતી સહઃ–**

શ્રી એન.એલ.પુજારા
સંયુકત સચિવશ્રી (માધ્યમિક),
ગ.૧ શાખા, શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર